# આજની ઘડી તે રળિયામણી, લહાવો લીજીએ રે કાલ કોણે દીઠી..!





પર્થ એમ્બોયના અલમેડા રિહેબ સેન્ટરમાં શનિવાર ૧૨ નવેમ્બરે, દેવઉઠી એકાદશીના દિવસે સેન્ટરમાં જ ભરાયેલા અન્નકૂટના દર્શન કરી આરામથી વ્હીલચેરમાં બેઠાં બેઠાં ભજન કીર્તનનો લાભ લઇ રહેલી સીનિયર બહેનો, (વચ્ચે) અલમેડામાં નાનું મંદિર અને ૨૫૦થી વધુ વાનગીઓનો અન્નકૂટ; અને (જમણે) ભજનો સાંભળી રહેલા સીનિયરોના સગા અને સ્નેહીજનો.*(ફોટો: રમેશ જાદવ)*

પર્થ એમ્બોય, ન્યુ જર્સીઃ જીવનની સમી સાંજે અમેરિકાની ધરતી પર કોઇ નર્સીંગ હોમમાં વ્હીલચેર પર પગ લંબાવી નિરાંતે પ્રભુભક્તિમાં તરબોળ કરતાં સુમધુર લાઇવ ભજનો સાંભળવાનો અવસર પ્રાપ્ત થાય અને સાથે નાનકડા મંદિરમાં શ્રીનાથજીની છબી સામે અન્નકૂટના દર્શનનો લહાવો સામે ચાલીને મળે એવું તો કોઇ ભાગ્યશાળીના જ નસીબમાં લખાયેલું હોય! હા, પર્થ એમ્બોયના અલમેડા સેન્ટર ફોર રિહેબ એન્ડ કેરના ઇન્ડિયન કમ્યુનિટી પ્રોગ્રામ હેઠળ એ નર્સીંગ હોમમાં વસેલા ૩૧ જેટલાં વૃધ્ધજનો ભાગ્યશાળી છે, જેમને આવો અનેરો લહાવો મળી રહ્યો છે, અને તેનો તમામ યશ તે પ્રોગ્રામના ડિરેક્ટર ડૉ.મુકુન્દ ઠાકર અને તેમના સેવાભાવી ધર્મપત્ની શ્રીમતી રમાબેન ઠાકરને આપવો ઘટે! અમેરિકાના ઇતિહાસમાં આવું પહેલી જ વાર જોવા મળ્યું હશે કે કોઇ નર્સીંગ હોમમાં અન્નકૂટ ભરાયો હોય અને ભજન કીર્તનની ધૂન મચી હોય, લોકો ખુશીના માર્યા નાચતા હોય, ગરબે ઘૂમતા હોય! અહીં વસતા વૃધ્ધજનોના ચહેરાં પરનો આનંદ અને તૃપ્તિ નિહાળી એમ થાય કે આવી ખુશી તો તેમને કદાચ પોતાના ઘરે પણ મળી ન હોત! આ નર્સીંગ હોમના ઇન્ડિયન પ્રોગ્રામના સંચાલક ઠાકર દંપતીના મનનાં બસ એક જ વાત સતત ઘૂમતી રહે કે આ નર્સીંગ હોમમાં આશરો લેનારા વૃધ્ધજનોની વધુમાં વધુ સેવા કેવી રીતે થઇ શકે અને તેમના ફળદ્રુપ ભેજામાંથી દિવાળીના શુભપર્વમાં અન્નકૂટનું આયોજન કરવાનો અને સૌને

## અલમેડા રિહેબ સેન્ટરના ભારતીય વડિલો માટે દિવાળી ઉજવણી અને અન્નકૂટ દર્શન

ભજનકીર્તનનો લાભ આપી તેમની દિવાળી યાદગાર બનાવવાનો વિચાર આવ્યો અને શનિવાર તા.૧૨ નવેમ્બર, દેવઉઠી એકાદશીના દિવસે આ નવતર પ્રયોગ અમલમાં મૂકાયો.



વિસામો

રમેશ જાદવ

ડૉ. મુકુન્દભાઇએ કહ્યુ કે અહીં વસતા બા અને દાદાઓને દિવાળીના તહેવારોમાં અન્નકૂટના દર્શન કરવાની બહુ ઇચ્છા હોય એ સ્વાભાવિક છે, પણ તેમને આ અવસ્થામાં મંદિરે જઇને દર્શન કરવાનું ફાવે નહિ. તેથી અમે નક્કી કર્યું કે જેમ કહેવત મુજબ મોહમ્મદ માઉન્ટેન પાસે ન જાય તો માઉન્ટેને મોહમ્મદ પાસે જવું જોઇએ. અમારે ત્યાં વસતા વડિલો અન્નકૂટના દર્શન કરવા મંદિરે ન જઇ શકે તો મંદિરને જ અન્નકૂટ સાથે અમે અહીં નર્સીંગ હોમમાં કેમ ન લાવી શકીએ? અને જોતજોતામાં અન્નકૂટ માટે ૨૫૦ જેટલી વાનગીઓ અમે મેળવી શક્યા. કેટલીક વાનગીઓ એ વડિલોના સગાસંબંધીઓ પાસેથી તો કેટલીક ચોપાટી અને ઝૂંપડી રેસ્ટોરાં-માલિકો પાસેથી પ્રાપ્ત થઇ. નર્સીંગ હોમમાં જ નાનકડા મંદિરમાં શ્રીનાથજીની પ્રતિમા સામે ૨૫૦ જેટલી વાનગીઓનો અન્નકૂટ યોજાયો અને અમારા વડિલોના મનનાં ઓરતા પૂરાં કર્યાં.

સૌરાષ્ટ્રના ટીવી આર્ટીસ્ટ ભારતીબેન વ્યાસ અને તેમના સંગીતવૃંદે આ વેળા પણ સાથ-સહકાર આપ્યો અને નર્સીંગ હોમમાં વસતા એ ભારતીય અમેરિકન વૃદ્ધજનોની દિવાળી સુધરી ગઇ. ભારતીબેને 'આજની ઘડી તે રળિયામણી..' તથા 'આજનો લહાવો લીજીએ રે કાલ કોણે દીઠી..'જેવા વડિલોને પ્રિય અનેક સુંદર ભજનો તેમના હલકદાર સ્વરે ગાયા.

તેમના પછી 'સાજે દિલ'ના કલાકાર કમલેશે દોર સંભાળી લઇ દોઢ કલાક સુધી જૂની નવી ફિલ્મોના ગીતો જુદા જુદા કલાકારોના સ્વરે ગાઇને તેમના વૃંદે વડિલોનું ભરપૂર મનોરંજન કર્યું અને કાર્યક્રમ સાંજે સાડા સાત સુધી ચાલ્યો અને વડિલોની એ સાંજને આલ્હાદક બનાવી ગયો. બે વૃધ્ધજનોને બાદ કરતાં બધાંએ દિવાળી નર્સીંગ હોમમાં જ વીતાવવાનું ને ઘરે ન જવાનું પસંદ કર્યું હતું. જે બે સભ્યો ઘરે દિવાળી મનાવવા ગયા હતા તેઓ પણ વહેલાં પાછા ફર્યા હતા.

અન્નકૂટના દર્શને એ વૃધ્ધજનોના સગાસંબંધીઓ તથા સ્થાનિક મહાનુભાવો મળી કુલ ૫૦૦ જેટલા લોકો પધાર્યા હતા. ખાસ તો ધંધુકાથી ચૂંટાયેલા ગુજરાતના સંસદ સભ્ય શ્રી રતિલાલ વર્મા, સામાજિક અગ્રણી શ્રી સુરેશ જાની, સ્થાનિક નેતા પ્રદીપ(પીટર) કોઠારી, ફિસાનાના પ્રમુખ શ્રી રમણ શાહ, એડિસનના સીનિયર સંગઠનના ઉપપ્રમુખ હર્ષદ દેસાઇ, અગ્રણી બિઝનેસમેન હીરુભાઇ પટેલ, રમેશ અમીન, મેન મેકિંગ ગ્રુપના ગોરધન પટેલ, જોસેફ પરમાર, કલ્પેશ શાહ, અરવિંદ શાહ, પ્રવીણ તંબોળી સહિત અનેક અગ્રણી પધાર્યા હતા.

યુનોના ડેલિગેશનના સભ્ય તરીકે ન્યુ યોર્ક પધારેલા સાંસદ શ્રી રતિલાલ વર્માએ આ નર્સીંગ હોમની સેવાઓને બિરદાવી તેના સંચાલક ઠાકર દંપતીને ધન્યવાદ આપ્યા હતા.



(ડાબે) ભજનો સંભળાવી રહેલા સૌરાષ્ટ્રના ટીવી આર્ટીસ્ટ ભારતીબેન વ્યાસ(માઇક પર) ને ડાબેથી વલ્લભ રાઠોડ, રાજુ શાહ, અમર ખૂંટી ને રમેશ જોશી હાર્મોનિયમ પર સંગાથ આપી રહ્યા છે; અને (જમણે) આ પ્રસંગે અલમેડાની મુલાકાતે પધારેલા ધંધુકાની બેઠકના સાંસદ શ્રી રતિલાલ વર્મા(જમણે છેડે), તેમની બાજુમાં પીટર કોઠારી, રમણ શાહ, જોસેફ પરમાર અને ડૉ.મુકુન્દ ઠાકર, બિછાનામાં આરામ લઇ રહેલા શ્રી નગીનદાસ શામળદાસ શાહ અને ડાબે છેડે ઊભેલા તેમના પુત્ર અરવિંદ શાહ. શ્રી નગીનભાઇના પત્ની સવિતાબેન પણ અલમેડા સેન્ટરમાં જ રહે છે.

